# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-10-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

---------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# HARSH SANGHAVI SURAT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે તેમના મતવિસ્તાર સુરત પહોંચ્યા હતા. દિવાળીના પર્વ નિમિત્તે તેમણે રેલવે મથકની મુલાકાત કરી. દરમિયાન નાગરિકોને પરિવહન અને ટ્રાફિકની અડચણ ન પડે તે માટે તેમણે સ્વાગત યાત્રા ન યોજવા કાર્યકર્તાઓ અને તેમના શુભેચ્છકોને આહ્વાન કર્યું. ત્યારબાદ તેઓ રેલવેમથકથી સીધા જ સ્વાગત કાર્યક્રમના સ્થળ પર પહોંચ્યા હતા. જ્યાં અભિવાદન સમારોહમાં શ્રી સંઘવીએ તેમના શુભેચ્છકો સાથે મુલાકાત કરી અને તમામને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

આ પ્રસંગે લોકોને સંબોધતાં નાયબ મુખ્યમંત્રીએ તેમને મળેલી નવી જવાબદારીમાં તેઓ બમણી મહેનતથી કામ કરશે તેમ જણાવ્યું. શ્રી સંઘવીએ પોલીસની કામગીરીને પણ બિરદાવતા આગામી સમયમાં સ્થાનિક સ્તરે માદક પદાર્થની હેરાફેરી કરનારાઓ સામે મોટું અભિયાન ચલાવવા પર પણ ભાર મુક્યો.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

. . . . . . . . . . . . .

# DIWALI CELEBRATIONS

**સમગ્ર દેશમાં આજે પરંપરાગત ઉત્સાહ અને ઉલ્લાસ પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણી કરવામાં આવી રહી છે. મંદિરો, ઘરો અને અન્ય જાહેર**

સ્થળો પર રોશની કરીને દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે. આ દિવસે લોકો ધનનાં દેવી લક્ષ્મીજીની પૂજા-અર્ચના કરે છે. દેશભરમાં વિવિધ સ્થળ પર શહેરોના માર્ગ અને બજારોને રંગબેરંગી માળા અને ફૂલોથી શણગારવામાં આવ્યા છે. લોકો પણ દિવાળી નિમિત્તે સ્વદેશી વસ્તુઓ સહિત અન્ય વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે.

રાજ્યભરમાં પણ વિવિધ મંદિરોમાં દિવાળીની ઉજવણી નિમિત્તે વિશેષ રોશનીનો શણગાર કરાયો છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં દેશવિદેશથી ભક્તો દર્શનાર્થે આવી રહ્યાં છે. વિક્રમ સંવત 2081-ની છેલ્લી માસિક શિવરાત્રિની ભવ્ય ઉજવણી નિમિત્તે યજ્ઞશાળામાં વિધિવત્ લઘુરુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો. ટ્રસ્ટ પરિવાર તરફથી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના હસ્તે જ્યોતપૂજન કરાયું.

દિવાળી નિમિત્તે સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં ભક્તોની ભીડ ઉમટી છે. ત્યારે સમગ્ર મંદિર બમબમ ભોલેના નાદથી ગૂંજી ઊઠ્યું છે. ભક્તોએ મહાઆરતી અને વિશેષ પૂજામાં ભાગ લીધો હતો. દરમિયાન દર્શનાર્થે આવેલા એક ભક્તે પોતાનો પ્રતિભાવ આપ્યો.

(BYTE: SOMNATH BHAKT)

મહેસાણા જિલ્લામાં બહુચરાજી મંદિર ખાતે દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે સવારે સાડા 10 વાગ્યે સોનાની થાળીમાં પરંપરા મુજબ માતાજીને રાજભોગ ધરાવવામાં આવશે. બેસતા વર્ષે રાજભોગ થાળ પછી માતાજીની સામે અન્નકૂટ ધરાવાશે.

પંચમહાલમાં દિવાળી નિમિત્તે મંદિરો, ઘરો અને દુકાનોને રંગબેરંગી લાઈટથી શણગારવામાં આવી છે. સરકાર દ્વારા વસ્તુ અને સેવા કર – GSTના દરમાં ઘટાડો કરવાથી જિલ્લાની તમામ દુકાનમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે.

સાબરકાંઠામાં ખેડબ્રહ્મા વાવ ખાતે દિવાળીની પૂર્વ સંધ્યાએ વારસાની ઉજાસમાં દિપમાળાનો દિવ્ય ઉત્સવ યોજાયો હતો.

તો, બોટાદમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરમાં કાળી ચૌદસ નિમિત્તે વિધિવત્ રીતે શાસ્ત્રોક્ત મંત્રો સાથે વિશેષ પૂજન-અર્ચન સાથે કાળી ચૌદસ યજ્ઞ યોજાયો હતો. રાજ્યના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ આ યજ્ઞમાં જોડાયા હતા. માધ્યમો સાથે વાત કરતાં તેમણે સૌને હરઘર સ્વદેશી, ઘરઘર સ્વદેશી અભિયાનમાં જોડાવવા અપીલ કરી.

. . . . . . . . . . . . .

# ARVALLI DIWALI CELEBRATION

અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે દિવાળીના પાવન પર્વ નિમિત્તે વિશેષ આયોજન કરાયું છે. પોલીસની ટુકડી દ્વારા વિવિધ મંદિરમાં દૂરદૂરથી દર્શનાર્થે આવતા ભક્તોની સલામતી માટે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ અંગે દર્શનાર્થી જ્યોતિકા શાહે પ્રતિક્રિયા આપી.

**(BYTE: JYOTIKA SHAH, BHAKT)**

. . . . . . . . . . . . .

# CM PATEL DIWALI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ નાગરિકો અને વિશ્વભરમાં રહેતા ગુજરાતી પરિવારોને દિવાળી અને વિક્રમ સંવત 2082-ના નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી છે. તેમણે વિક્રમ સંવતના આ નવા વર્ષે સૌને નવા ઉત્સાહ, આનંદ અને સમૃદ્ધિના માર્ગે આગળ વધવાની શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું, દિવાળીની દિપમાળા, અંધકારથી ઉજાસ તરફ જવાની પ્રેરણા આપે છે. આ પ્રેરણા સાથે ગુજરાત ‘સૌના સાથ, સૌના વિકાસ’ના સકારાત્મક દ્રષ્ટિકોણથી વિકાસ તરફ આગળ વધી રહ્યું છે.મુખ્યમંત્રીશ્રીએ આ તહેવારોમાં સૌને સ્થાનિક વેપારીઓ, કારીગરો અને ઉદ્યોગકારો પાસેથી ખરીદી કરવા પણ અપીલ કરી.

શ્રી પટેલે વધુમાં કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવાળીના પર્વ નિમિત્તે આગામી પેઢીના વસ્તુ અને સેવા કર – GST ફેરફાર દ્વારા લોકોને આનંદનું બમણું બૉનસ આપ્યું છે.

. . . . . . . . . . . . .

# VADNAGAR MUSEUM

મહેસાણા જિલ્લામાં ઐતિહાસિક નગરી વડનગરમાં આવેલું સંગ્રહાલય આજથી 23 ઑક્ટોબર સુધી સંપૂર્ણ બંધ રહેશે. દિવાળીના પર્વ નિમિત્તે સંગ્રહાલય બંધ રખાયું છે. જોકે, 24 તારીખે સવારે 10 વાગ્યાથી આ સંગ્રહાલય લોકો માટે ફરીથી ખૂલ્લું મુકાશે.

. . . . . . . . . . . . . .

# AMTS FREE SERVICE

અમદાવાદમાં ચાલતી અમદાવાદ મહાનગર પરિવહન સેવા- AMTSમાં લોકો આજે પણ નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી અને સ્વદેશી ઝૂંબેશ હેઠળ ખરીદીને પ્રોત્સાહન આપવા આ જાહેરાત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . .